# સ્વર્ણીમ પાર્ક રોડ પર બેફામ સ્ટંટ કરતી ગેંગના બાઈકો ડીટેઈન

## સે-૨૧ પોલીસે રાત્રે બેફામ સ્પીડે બાઈક ફેરવતા બાઈકર્સના સાત બાઈક જપ્ત કર્યા

ગાંધીનગર, તા.૧૭

શહેરના ઘ-૪ થી મહાત્મા મંદિર સુધીના સ્વર્ણિમ પાર્ક રોડ પર રાત્રી દરમિયાન બાઈર્સ ગેંગ રીતસરનો આતંક મચાવે છે. બેફામ સ્પીડે બાઈક દોડાવીને સ્ટંટ કરી સહેલાણીઓને ભયમાં મુકે છે. આવી સંખ્યાબંધ ફરીયાદોને ધ્યાને લઈ એએસપીની સુચનાથી સે-૨૧ પોલીસની ટીમે બાઈકર્સ ગેંગના સાત બાઈકો ડીટેઈન કરી લીધા છે. પોલીસ કડક થતાં બાઈકર્સ ગેંગના સ્વર્ણિમ પાર્ક રોડ પરના આંટા બંધ થયા છે.

સ્વર્ણિમ પાર્ક ખાતે રાત્રિ દરમિયાન શહેરીજનો પરીવાર સાથે બેસવા આવતા હોય છે. આ સમયે યુવતીઓ પર ઈમ્પ્રેશન જમાવવા માટે બાઈકર્સ ગેંગ પોતાના બાઈક ધુમ સ્પીડે ચલાવી સ્ટેન્ડ રોડ પર ઢસડીને તીખારા કરતા હોય છે તે ઉપરાંત રેસ લગાડી અને સ્ટંટ મારીને સહેલાણીઓને ભયભીત કરી દેતા હોય છે. લોક દરબારમાં પોલિસ સમક્ષ થયેલી આ ફરિયાદોને પગલે એએસપી કરણરાજ વાઘેલાની સુચનાથી સે-૨૧ પીએસઆઈ સી.બી. ચૌહાણ તેમની ટીમ સાથે સ્વર્ણિમ પાર્ક પહોંચી ગયા હતા.સ્ટંટ કરતાં બાઈકર્સ ગેંગના સાત બાઈકો ડિટેઈન પણ કરી લેવામાં આવ્યા હતા. પોલીસે બાઈકર્સ ગેંગ સામે કરેલી કાર્યવાહીને પગલે સહેલાણીઓએ હાશકારો અનુભવ્યો છે.



જુના સચિવાલય સ્થિત હિસાબ અને તિજોરી કચેરીના કર્મચારીઓએ રક્તદાન શિબિર યોજી સામાજિક જવાબદારી અદા કરી હતી. કેન્સરના દર્દીઓના લાભાર્થે યોજાયેલ રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં કર્મચારી - અધિકારીઓ જોડાયા હતા.

# આદીવાડામાં ૨૧ વર્ષીય યુવતીએ એસીડ ગટગટાવી લીધુ

## ફોઈએ કામકાજ બાબતે ઠપકો આપતા યુવતીને લાગી આવ્યું : હોસ્પિટલમાં યુવતીનું એક જ કલાકમાં મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૨૮ આદીવાડા ગામમાં પોતાના ફોઈના ઘરે રહેતી ૨૧ વર્ષીય યુવતીને આજે સવારે કામકાજ બાબતે ફોઈએ ઠપકો આપતા લાગી આવ્યુ હતું અને બાથરૂમમાં જઈને તેણીએ એસીડ ગટગટાવી લીધું હતું. તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પટિલ ખસેડવામાં આવેલી યુવતીનું એક કલાકમાં પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ હાથ ધરી છે.

રાજસ્થાનની વતની અને વર્ષોથી પોતાના ભાઈઓ સાથે સે-૨૮ આદીવાડામાં પ્રજાપતિ વાસમાં પોતાના ફોઈના ઘરે રહેતી ૨૧ વર્ષીય યુવતી રેખા હુરમાભાઈ ડામોર આજે સવારે ઘરે હતી ત્યારે ફોઈએ કામકાજ બાબતે સામાન્ય ઠપકો આપતા તેણીને લાગી આવ્યું હતું અને બાથરૂમમાં જઈને રેખાએ એસીડ પી લીધું હતું.

રેખાને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી પરંતુ સારવાર દરમિયાન કલાકમાં જ તેણીનું મૃત્યુ નિપજયું હતું. તેણીના માતા પિતા રાજસ્થાન રહે છે. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી જમાદાર વસંતભાઈએ મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ આરંભી છે. પોસ્ટ મોર્ટમ બાદ મૃતદેહ રાજસ્થાન લઈ જવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

રથયાત્રાને લઈને તૈયારી ચાલી રહી છે ત્યારે કરતબબાજો તૈયારીમાં લાગેલા છે.

# વીવીઆઈપી કહેવાતા સે-૧૯માં ઘરફોડીયા ત્રાટક્યા

## બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી સોનાના દાગીનાની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૧૭

શહેરના વીવીઆઈપી સેક્ટરમાં જેની ગણતરી કરવામાં આવે છે અને ઉચ્ચ અધિકારીઓ તથા મંત્રીઓના જ્યાં નિવાસસ્થાન છે તેવા સે. ૧૯માં ઘરફોડીયા કલા કરી ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. મકાનમાલીક પરીવાર સાથે રાજસ્થાન ગયા તે દરમ્યાન બંધ મકાનના દરવાજાનું તાળુ તોડીને અંદરથી સોનાના દાગીનાની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સે. ૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૧૯ ઘ-ટાઈપ બ્લોક નં. ૨૭૬/૧ ખાતે રહેતા ચારૂબેન ભાર્ગવ તેમના પરિવાર સાથે રાજસ્થાન ગયા હતા. ૪ થી ૫ જૂનના સમયગાળા દરમ્યાન કોઈપણ સમયે તેમના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી તસ્કરો ઘરફોડ કરી ગયા હતા. પડોશીને ઘટનાની જાણ થતા ચારૂબેન અને પોલીસ બન્નેને જાણ કરી બોલાવી લીધી હતી અને મકાનને બીજુ તાળુ મારી દેવાયું હતું. ગઈકાલે પરિવારજનો રાજસ્થાનથી આવ્યા અને જોયુ તો મકાનમાંથી ૨૦હજારની કિંમતની ૧ તોલાની સોનાની બુટ્ટી, ૧૭ હજારની સોનાની સેર અને ચુની મળીને કુલ રૂ. ૩૦,૪૦૦ની કિંમતના દાગીના ચોરી ગયા હોવાનું ધ્યાને આવ્યું હતું. સે. ૨૧ પોલીસે ચારૂબેનની ફરીયાદને આધારે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# અસલાલી મર્ડરમાં ૫ આરોપીની ધરપકડ

અમદાવાદ, તા.૧૭

શહેરનાં જુહાપુરા વિસ્તારમાં રહેતા તેમજ ડેકોરેશનના વેપાર યુવકને ઢોર મારમારીને ઘાતક હથિયાર વડે હત્યા કરી દેવામાં આવી હત્યાને અકસ્માતમાં ફેરવી પ્રયત્ન કરતા પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી હતી. હોસ્પિટલમાં લઈ જનાર યુવાકનાં મિત્રો એજ હત્યા કર્યો હોવાનું પોલીસે અનુમાન કરી રહી છે. તેમજ આ હત્યા પાછળ સામાન્ય બોલાચાલી જવાબદાર હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. વેજલપુર પોલીસે હત્યાનો ગુનોનોધીને અસલાલી પોલીસને સોપવામાં આવી હતી. તેમજ છ આરોપીઓ પણ અસલાલી પોલીસને સોપવામાં આવી હતી. સૂત્રો મુજબ જુહાપુરા વિસ્તારમાં આવેલી બરફની ફેકટરી પાછળ મોહમંદ યુસુફ હબીબ (ઉ.વ.૨૯) (રહે ફજલ રહેમાન સોસાયટી)ના વેપારીની કરવીળા હત્યા થતા ચકચારી મચી જવા પામી હતી. આ અંગેની જામ પોલીસને કરતાં ઘટનાં સ્થળે દોડી આવી હતી. પોલીસે ૬ આરોપીઓ શાહનવાઝ નવાબ સલીમ શેખ ઉર્ફે નાનુ ચીચક, મોસીનબાલી, સિધ્ધીક, અસલમ, કાદીર અને સલીમ તડકીની અટકાયત કરી પુછપરછ કરી હતી. આરોપીઓની સઘન પુછપરછ કરી હતી. આરોપીઓની સઘન પુછપરછ કરતાં સોમવારે મોડી રાત્રે તમામ આરોપી અને મૃતક યુસુફ સાથે બેઠા હતા તે દરમિયાન આરોપી શાહનવાઝ નવાબ સલીમ ઉર્ફે નાનુ ચીચક અને મૃતક યુસુફ વચ્ચે સામાન્ય બાબતે બોલચાલ થઈ હતી. આ સામાન્ય બોલચાલ ઉગ્રસ્વરૂપ ધારણ થતા આરોપી નાનુ ચીચક યુસુફને ઢોર માર માર્યો હતો. તેમજ યુસૂફના પગ પર ઘાતકી હથિયાર વડી હુમલો પણ કર્યો હતો. આ ઘટના બાદ યુસુફને ગંભીર ઈજાઓ પહોંચ હતી.

# અડાલજ-પોર રોડ પર યુવકને ઢોર માર મારીને ૩૫ હજારની લુંટ

## એક્ટીવા લઈને જતા કુડાસણના યુવાનને સ્વિફ્ટમાં આવેલા પાંચ શખ્સોએ ઉભો રખાવી તેના ભાઈને આપેલા રૂપિયાની ઉઘરાણી કરી ધમાલ મચાવી હતી

ગાંધીનગર, તા. ૧૭

કુડાસણના યુવાન એક્ટીવા લઈને ગઈ સમી સાંજે અડાલજ પોર માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નરોડા પાટીયાનો શખ્સ કે જેણે યુવકના ભાઈને રૂપિયા આપ્યા હતા તેની ઉઘરાણી માટે ચાર માણસોને સ્વિફ્ટ ગાડીમાં ધોકા સાથે લઈ આવ્યો હતો. યુવાનને ઢોર માર મારીને ખિસ્સામાંથી રૂ. ૩૫,૭૦૦ની લુંટ ચલાવી પાંચેય શખ્સો ફરાર થઈ ગયા હતા. કુડાસણના યુવાનની ફરીયાદને આધારે અડાલજ પોલીસે લુટનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરૂ કરી છે.

કુડાસણ ખાતે સ્થિત ઓમ રેસીડેન્સીમાં ફલેટ નં. એ/૧૦૩માં રહેતા રાકેશભાઈ નારણભાઈ પટેલના ભાઈને નરોડા પાટીયા ખાતે રહેતા મનીષ ઉર્ફે બાલી કેશવલાલ પટેલે ઉછીના રૂપિયા આપ્યા હતા. ગઈકાલે સાંજે સાડા આઠેક વાગ્યાના અરસામાં રાકેશભાઈ તેમનું એક્ટીવા લઈને અડાલજથી પોર જવાના રસ્તા પર પસાર થઈ રહ્યા હતા ત્યારે મનીષ ઉર્ફે બાલી તેના ચાર માણસોને લઈને લોખંડની પાઈપ અને ધોકા સાથે સ્વીફ્ટ ગાડીમાં ત્યાં પહોંચી ગયો હતો. રાકેશભાઈને ઉભા રખાવી તેના ભાઈને આપેલા રૂપિયાની ઉઘરાણી કરી હતી. રાકેશભાઈએ કહ્યું કે મારા ભાઈ સાથે મારે કોઈ વ્યવહાર નથી. ત્યારબાદ મનીષ તથા તેની ટોળકીએ રાકેશભાઈને લોખંડની પાઈપ અને ધોકા વડે ઢોર માર મારીને તેમના ખિસ્સામાંથી રૂ. ૩૫,૭૦૦ રોકડા લુંટી લીધા હતા. અને સ્વીફ્ટ લઈને ત્યાથી ફરાર થઈ ગયા હતા. અડાલજ પી.આઈ. કે.કે. પંડ્યાએ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

# આજથી શહેરોની શાળામાં પ્રવેશોત્સવ-કન્યાકેળવણી

અમદાવાદ, તા.૧૭

શહેરની શાળાઓમાં આવતીકાલથી પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત થઈ રહી છે. ૩૦૮ શાળાઓમાં કાર્યક્રમો યોજાશે જે ત્રણ દિવસ સુધી ચાલશે.

સમાજમાં શિક્ષણ પરત્વે જાગૃત્તિ આણવાં, શિક્ષણનું મુલ્ય જન-જનમાં ઉભું કરવાં અને શીક્ષણના સાર્વત્રિકરણ માટે રાજયસરકાર દ્વારા પ્રારંભ કરાયેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો ત્રિદિવસીય કાર્યક્રમ ૧૮,૧૯,૨૦ જુન અમદાવાદ મહાનગરની ૩૦૮ જેટલી મ્યુનિ.શાળામાં યોજવામાં આવશે ધો-૧માં બાળકોને વાજતે-ગાજત શાળાઓમાં દાખલ કરવામા આવશે.અમદાવાદની વિવિધ મ્યુનિ.શાળાઓમાં આયોજિત થનારા આ કાર્યક્રમમાં રાજય મંત્રીમંડળના સદસ્યો નાણાંપ્રધાન અમદાવાદના પ્રભારીમંત્રી આરોગ્યપ્રધાન કાયદાપ્રધાન ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિનાં અધ્યક્ષ્યો, ૨૧ જેટલાં સનદી અધિકારીઓ, મહાનગરના મેયર મીનાક્ષીબેન પટેલ સહિત્હોદ્દેદારો, સંસદ સભ્યઓ, ધારાસભ્યઓ, ધારાસભ્યઓ, કોર્પોરેટઓ, સ્કુલબોર્ડ સભ્ય સહિત સામાજીક અને શૈક્ષણીક આગેવાનો પ્રવેશોત્સવના ત્રિદિવસીય મહાઅભિયાનમાં જોડાશે અને સમાજમાં શૈક્ષણીક જાગૃત્તિ હાથ ધરાશે. સ્કુલબોર્ડ ચેરમેન ડૉ. જગદીશ ભાવસાર ત્રિદિવસીય કાર્યક્રમની વિગતોમાં વધુમાં જણાવ્યુંછે કે, રાજયસરકાર દ્વારા સમગ્ર રાજયમાં શિક્ષણના સ્થાયીકરણ અને કન્યા કેળવણીના વિસ્તાર માટે પ્રારંભ કરાયેલી વિદ્યાલક્ષી બોન્ડ યોજના અંતર્ગત ૧૨૩ બી.પી.એલ વિદ્યાર્થીનીઓને ૨,૦૦૦ રૂપિયાની કિંમતના બોન્ડ આપવામાં આવશે. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના સહયોગથી સ્કુલબેગ, સ્લેટ, વોટરબેગ, પેન્સીલ, રબર, ફુટપટ્ટી અને ગણવેશ માટે રોકડ રૂપિયા ૩૫૦ ધો-૧માં દાખલ થનાર ભુલકાંઓને બેંક ખાતા ખોલાવી જમા આપવામાં આવશે. અમદાવાદ મહાનગર ત્રિદીવસીય પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન સર્વશીક્ષા અભિયાન અન્વયે તૈયાર કરાયેલા ઓઢવ, મહેશ્વરીનગર શાળાનું, અસારવા ખાતે નવ-નિર્મીતિ ઓરડાનું, લીલાનગર ખાતે નવ-નિર્મીત શાળાનું લોકાર્પણ મા.મંત્રીઓનાં વરદ હસ્તે કરાશે. જશોદાનગર ખાતે, ચંડોળા, બી.આર.ટી.એસ.પાસે નવી શાળા માટેનું ભુમિપુજન કરવામાં આવશે.

અરવલ્લી જિલ્લાના અંતરિયાળ ગામોમાં રહેતા વાલ્મિકી સમાજના યુવાનોમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે મણિનગર સ્વામિનારાયણ સંસ્થાન દ્વારા રૂ. એક લાખનું દાન આપવામાં આવ્યું હતું. સમાજમાં ફેલાયેલા વ્યસનના દુષણને ડામવા માટે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓના જીવનમાં વધુ પ્રકાશ લાવવા માટે રકમ ઉપયોગમાં આવે તેવું આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજીએ જણાવ્યું હતું. આ પ્રસંગે વાલ્મિકી સમાજના પ્રમુખ આર.કે. ચૌહાણે મહંતશ્રીના હસ્તે ચેક સ્વીકાર્યો હતો.

## રંધોળાના જયંતિ ભગત આજે શહેરમાં આવશે

ગાંધીનગર, તા. ૧૭

સ્વામિનારાયણ સંપ્રદાયના સંત પ.પૂ. જાગાસ્વામી મહારાજની જન્મજયંતિ નિમિત્તે રંધોળાના પ.પૂ. જયંતિ ભગત દ્વારા રાજ્યમાં રથયાત્રાનું આયોજન કર્યું છે. આજે ગુરૂવારે જયંતિ ભગત ગાંધીનગરમાં પધારશે. સે. ૧૬ પાટનગર યોજના ભવન આગળના બગીચા ખાતે દર્શન આપવા ઉપસ્થિત રહેશે. સવારે૯થી ૧૦કલાકદરમિયાન ભગતની પૂજા અર્ચના અને ફુલહાર કરવામાં આવશે. હરિભક્તને પધરામણી માટે નાન નોંધાવવા મહેન્દ્ર ચૌહાણનો૯૪૨૭૦૫૬૮૪૫પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# ચિલોડા દૂધ મંડળીમાં ખરાખરીનો જંગ

## કમિટીના સભ્યો માટે ચૂંટણી જંગ જામશે : એક અપક્ષ સહિત ૨૦ ઉમેદવારો મેદાનમાં : ૧૯ જૂને ચૂંટણી, ચૂંટણી બાદ પરિણામ

ગાંધીનગર, તા. ૧૭

તાલુકાના ચિલોડા મોટામાં ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યોની ચૂંટણી યોજાશે. ચૂંટણીમાં ૧૧ બેઠકો માટે ૨૦ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ચૂંટણીના પડઘમ પડ્યા છે. વ્યવસ્થાપક કમિટીના સભ્યો માટે આગામી ૧૯ જૂનના રોજ ચૂંટણી યોજાશે. જેમાં ત્રાજવા પેનલ અને પ્રગતિ પેનલ વચ્ચે જંગ ખેલાશે. બન્ને પેનલ વચ્ચે એક અપક્ષ ઉમેદવારે નશીબ અજમાવવા ઝંપલાવ્યું છે.

પ્રગતિ પેનલમાં શામળ પટેલ, ભરત પટેલ, વિનોદ પટેલ, રણછોડ પટેલ, કિરીટ પટેલ, પ્રહલાદ પટેલ, મહેશ ઠાકોર, રમણ રાવલે ઉમેદવારી નોંધાવી છે. તેમજ ત્રાજવા પેનલમાં મહેશ પટેલ, જયંતિ એચ. પટેલ, અરવિંદ પટેલ, પ્રવિણ પટેલ, મુકેશ પટેલ, જયંતિભાઈ જી. પટેલ, જેસીંગભાઈ પટેલ, રાજુજી ઠાકોર, ઉમેશજી ઠાકોર અને જગદીશભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી છે. અપક્ષ તરીકે કૃણાલ પટેલે ઉમેદવારી નોંધાવી છે.

ચૂંટણીમા ૨૩૪ સભાસદો આગામી ૧૯ જૂનના રોજ ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા મતદાન કરશે. મતદાન બાદ મતગણતરી હાથ ધરવામાં આવશે. ચૂંટણીને લઈને ચિલોડા મંડળીના વાતાવરણમાં ઉનાળાની બપોર જેવો ગરમાવો આવી ગયો છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૮

### તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૫૦ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
હમારી અધુરી કહાની : ૩૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**
હમારી અધુરી કહાની : ૧૨.૪૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
દિલ ધડકને દો : ૬.૩૦

**સ્ક્રીન-૩ :**
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૧૨.૧૫. ૭.૪૫
જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૩ડી : ૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫, ૬.૪૫
દિલ ધડકને દો : ૩.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫ :**
હમારી અધુરી કહાની : ૧૦.૦૦, ૩.૪૫
દિલ ધડકને દો : ૧૨.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : જે તમારી હિતચિંતક બની રહેશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

**વૃષભ** : આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટુલ કાર્યનો ઉકેલ આવી શકે.

**મિથુન** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે.

**કન્યા** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. દુસ્સાહસ ન કરવું. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે.

**વૃશ્ચિક** : સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

**ધન** : આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છએ. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થામાં વધારો થશે.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. જમીન, મકાન સંબંધી કાર્યોમાં પ્રગતિ.

### ચિરવિદાય

- સ્વ. નાયી ચંદુલાલ આત્મારામ (ઉ.વ.૬૦) મુ. પેથાપુર, નાયી તરપોજ વાસ, તા.જી. ગાંધીનગર
- સ્વ. રબારી હરજીભાઈ લક્ષ્મણભાઈ (ઉ.વ.૯૫) રબારી વસાહત, સે-૧૪, ગાંધીનગર
- સ્વ.હિરલબેન પ્રભુભાઈ ભંગી (ઉ.વ.૧૩) સે-૧૩, કાચા છાપરાં, ગાંધીનગર
- સ્વ. દેસાઈ સોમાભાઈ ચેલાભાઈ (ઉ.વ.૬૫) સે-૨૮, પ્રાથમિક શાળાની બાજુમાં, ગાંધીનગર